ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરનું ધો. ૧૦નું ૭૬.૭૫ ટકા પરિણામ

**જિલ્લાનુ ૬૮.૨૫ ટકા પરિણામ : ૧૮૧ વિદ્યાર્થીને એ-વન ગ્રેડ : કડી સર્વ વિદ્યાલય મંડળ સંચાલિત શાળાના કુલ ૨૨ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ : માઉન્ટ કાર્મેલના ૧૦, સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૬ સેન્ટ ઝેવિયર્સના ૩ જયારે સરગાસણ વેદ ઇન્ટરનેશનલ સ્કુલના ૨ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ : જિલ્લામાં ચરાડા કેન્દ્રનુ સૌથી વધુ ૮૧.૩૮ ટકા અને સૌથી ઓછુ સરઢવ કેન્દ્રનુ ૪૫.૪૦ ટકા પરિણામ**



ગાંધીનગર તા ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૩ માં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો હતો. જેમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૬.૭૫ ટકા પરિણામ આવ્યુ હતુ જયારે જિલ્લાનુ પરિણામ ૬૮.૨૫ ટકા જાહેર થયુ છે. જિલ્લામાંથી ૧૮૧ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ પ્રાપ્ત થયો છે. આ સંખ્યામાં ગત વર્ષ કરતા નોંધપાત્ર ઘટાડો થયો છે. જિલ્લામાં સૌથી વધુ ચરાડા કેન્દ્રનુ અને સૌથી ઓછુ સરઢવ કેન્દ્રનુ પરિણામ આવ્યુ છે. નગરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ની બોર્ડ પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. બોર્ડનુ પરિણામ ૬૪.૬૨ ટકા આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૬૮.૨૫ ટકા આવ્યુ છે. જે ગત વર્ષ કરતા ૨ ટકા ઉંચુ છે. ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૧૮૧ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જિલ્લામાંથી પરીક્ષાને અનુલક્ષી ૨૧૩૮૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે ૨૧૨૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી જયારે આ પૈકી ૧૮૧ ને એ વન ગ્રેડ, ૧૩૫૭ ને એ ટુ, ૨૭૮૦ ને બી વન જયારે ૩૭૫૮ ને બી ટુ, ૪૧૩૯ ને સી વન, ૨૧૫૦ ને સી ટુ, જયારે ૧૩૦ વિદ્યાર્થીઓને ડી ગ્રેડ હાંસલ થયો છે. જિલ્લાનુ પરિણામ ૬૮.૨૫ ટકા રહ્યુ છે. આ ઉપરાંત ગાંધીનગર કેન્દ્રની વાત કરીએ તો ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ગત વર્ષે ૭૪.૦૫ ટકા રહ્યુ હતુ જયારે આ વર્ષે ૨ ટકા વધ્યુ છે. કેન્દ્રનુ પરિણામ ૭૬.૭૫ ટકા રહ્યુ છે. જયારે જિલ્લાના વિવિધ કેન્દ્રો પૈકી છત્રાલનુ પરિણામ સૌથી ઓછુ ૪૬.૮૧ ટકા આવ્યુ છે. જયારે ચરાડા કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ ૮૧.૩૮ ટકા આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાંથી ૧૮૧ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જો કે એ વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષ કરતા ઓછી છે. ગત વર્ષે ૩૧૨ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ પણ એ વન ગ્રેડ હાંસલ કરી શાળાનુ નામ રોશન કર્યુ છે. જેમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના ૧૦ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. શહેરની માઉન્ટ કાર્મેલ સ્કુલના પણ ૧૦ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. જયારે સરગાસણ સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૬, સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલના ૫, આર જી કન્યા શાળાના ૫, ઉપરાંત સે-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલના ૩ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે આર સી પટેલ સ્કુલના ૨, સરગાસણ વેદ ઈન્ટરનેશનલ સ્કુલના ૨ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ મેળવ્યા છે. આ ઉપરાંત ઈન્ફોસીટી સ્કુલ સરગાસણના ૧ વિદ્યાર્થીએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. વર્ષ ૨૦૨૧ માં કોરોના કાળમાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ હતુ. ગત વર્ષમાં જિલ્લામાંથી ૩૧૨ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો હતો જયારે ૧૫૭૧ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ મેળવ્યો હતો

## ગાંધીનગરની શાળાઓનુ પરિણામ

| શાળાનુ નામ | બેઠા | પાસ | ટકાવારી | એ વન ગ્રેડ |
|---|---|---|---|---|
| વેદ ઈન્ટરનેશનલ સ્કુલ | ૨૦ | ૧૯ | ૯૯ | ૨ |
| સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | -- | --- | ૯૭.૫૯ | ૬ |
| ઈન્ફોસીટી સ્કુલ સરગાસણ ઇં મીડી | ૮૩ | | ૯૩.૭૫ | ૧ |
| સે-૨૩ શેઠ સી એમ હાઈસ્કુલ | ૪૩૧ | ૪૦૬ | ૯૪.૧૯ | ૫ |
| સેન્ટ ઝેવિયર્સ સે-૮ | ૨૧૦ | ૧૯૨ | ૯૧.૪૨ | ૩ |
| એમ બી પટેલ હાઈસ્કુલ | ૨૩૫ | ૨૦૭ | ૮૮.૦૯ | ૧૦ |
| સે-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ | ૨૩૫ | ૨૦૭ | ૮૮.૦૮ | ૧૦ |
| આર સી પટેલ હાઈસ્કુલ | ૨૪૧ | ૨૦૯ | ૮૬.૭૨ | ૨ |
| આર જી પટેલ | ૩૧૩ | ૨૭૦ | ૮૬.૨૬ | ૫ |
| જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય | ૨૧૦ | ૧૭૦ | ૮૦.૯૫ | - |
| સે-૧૬ મહાત્મા ગાંધી વિદ્યામંદિર | ૭૫ | ૪૫ | ૬૦ | - |
| સે-૭ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર | ૧૩૩ | ૬૩ | ૪૭.૩૭ | - |

## કયા કેન્દ્રનું કેટલું પરિણામ

| કેન્દ્રનું નામ | નોંધાયેલા | ઉપસ્થિત | ઉત્તીર્ણ | ૨૦૨૩ |
|---|---|---|---|---|
| નાંદોલ | ૪૨૬ | ૪૨૪ | ૨૯૧ | ૬૮.૬૩% |
| દહેગામ | ૧૧૨૯ | ૧૧૧૭ | ૭૪૪ | ૬૬.૬૧% |
| રખીયાલ | ૪૨૫ | ૪૧૫ | ૨૩૦ | ૫૫.૪૨% |
| બહિયલ | ૪૧૫ | ૪૧૫ | ૩૧૫ | ૭૫.૯૦% |
| શેરથા | ૧૮૪ | ૧૮૩ | ૯૨ | ૫૦.૨૭% |
| ગાંધીનગર | ૪૭૭૮ | ૪૭૬૫ | ૩૬૫૭ | ૭૬.૭૫% |
| છાલા | ૫૭૨ | ૫૬૬ | ૩૯૬ | ૬૯.૯૬% |
| જીંડવા | ૪૩૭ | ૪૩૬ | ૨૬૫ | ૬૦.૯૨% |
| કલોલ | ૨૫૦૪ | ૨૪૯૨ | ૧૬૯૧ | ૬૭.૮૬% |
| માણસા | ૭૯૦ | ૭૮૨ | ૫૧૫ | ૮૫.૮૬% |
| અડાલજ | ૭૯૨ | ૭૮૪ | ૫૦૩ | ૬૪.૧૬% |
| આજોલ | ૧૮૯ | ૧૮૬ | ૧૦૪ | ૫૫.૯૧% |
| ડભોડા | ૫૨૫ | ૫૨૧ | ૩૨૯ | ૬૩.૧૫% |
| સોજા | ૪૫૮ | ૪૫૩ | ૨૭૧ | ૫૯.૮૨% |
| સરઢવ | ૩૪૧ | ૩૩૭ | ૧૫૩ | ૪૫.૪૦% |
| કનીપુર | ૫૩૨ | ૫૨૨ | ૩૧૪ | ૬૦.૧૫% |
| ચાંદખેડા | ૧૬૨૯ | ૧૬૨૬ | ૧૦૭૧ | ૬૫.૮૭% |
| કડજોડરા | ૩૫૫ | ૩૪૬ | ૨૪૪ | ૭૦.૫૨% |
| મગોડી | ૨૯૨ | ૨૯૨ | ૨૦૯ | ૭૧.૫૮% |
| લોદરા | ૨૨૯ | ૨૨૯ | ૧૩૫ | ૫૮.૯૫% |
| મોટેરા | ૫૮૮ | ૫૮૬ | ૪૭૪ | ૮૦.૮૯% |
| ખરણા | ૩૬૦ | ૩૫૫ | ૨૫૬ | ૭૨.૧૧% |
| ડેલવાડા | ૭૧ | ૭૧ | ૫૬ | ૭૮.૮૭% |
| મોટી આદરજ | ૪૪૮ | ૪૪૬ | ૨૪૫ | ૫૪.૯૩% |
| વલાદ | ૪૧૦ | ૪૦૯ | ૨૭૬ | ૬૭.૪૮% |
| લવારપુર | ૩૪૬ | ૩૩૬ | ૨૧૧ | ૬૨.૮૦% |
| છત્રાલ | ૩૮૧ | ૩૭૬ | ૧૭૬ | ૪૬.૮૧% |
| પુંધરા | ૨૮૬ | ૨૮૬ | ૧૬૭ | ૫૮.૩૯% |
| અમરાપુર | ૨૩૦ | ૨૩૦ | ૧૪૫ | ૬૩.૦૪% |
| લીબોદરા | ૪૦૬ | ૩૯૮ | ૨૬૯ | ૬૭.૫૯% |
| રાયસણ | ૩૪૧ | ૩૩૯ | ૨૬૧ | ૭૬.૯૯% |
| પલસાણા | ૨૬૦ | ૨૫૫ | ૧૮૫ | ૭૨.૫૫% |

## નરેન્દ્ર મોદીનુ વ્યકિતત્વ અને વિઝન લાજવાબ મારે પણ તેમના જેવા નેતા બનવુ છે



કિશોર ઈન્સ્ટીટ્યુટમાં વિવિધ વિષયનુ શિક્ષણ મેળવી તેજસ્વી પરિણામ પ્રાપ્ત થયુ છે. વિદ્યાર્થી આરીન દેસાઈના જણાંવ્યા મુજબ તેણીની બહેન પ્રાંજલે પણ નીટની પરીક્ષા સંસ્થાના વિષય નિષ્ણાંત અજયસરના માર્ગદર્શન હેઠળ પાસ કરી હતી. આગળ ડોકટર બનવુ છે. આરીનને રાજનીતીમાં પણ વિશેષ રસ છે. નરેન્દ્ર મોદીનુ વ્યકિતત્વ અને વિઝનથી પ્રભાવિત છે. રામમંદિર અને કાશ્મીરમાં ૩૭૦ મુદ્દે તેમણે જે કામ કર્યુ તે ખુબ જ મહત્વની બાબત છે. હું તેમને આગળ પણ પ્રધાનમંત્રી તરીકે જોવા માંગુ છે. આરીને આગળ અભ્યાસ કરીને ડોકટર બનવુ છે ત્યારબાદ રાજનિતીમાં જોડાઈને નેતા બની નરેન્દ્ર મોદીની જેમ દેશ માટે કામ કરવુ છે. તેના પિતા મહેન્દ્રભાઈ ડોકટર છે જયારે માતા પ્રવિણાબેન હાઉસવાઈફ છે.કિશોર ઈન્સ્ટીટ્યુટમાં અભ્યાસ કરવા માટે ખેરાલુ થી ગાંધીનગર સ્થાયી થયા છે. જયારે આજે સંસ્થાના વિષય નિષ્ણાંતોની મદદથી મહેનત રંગ લાવી છે તે વાતની ખુશી છે.

## સો ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા વધીને ૧૨ થઈ

ધો -૧૦ માં બોર્ડ પરિણામના અંતે ગત વર્ષની સરખામણીએ ૧૦૦ ટકા પરિણામ મેળવનારી શાળામાં એકનો વધારો થયો છે. આ શાળાની સંખ્યા હવે ૧૨ થઈ છે. જયારે ૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓમાં ગત વર્ષની સરખામણીએ ૨ નો વધારો થયો છે જેની સંખ્યા પણ ૪ થઈ છે. જયારે ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાની સંખ્યામાં ગત વર્ષની સરખામણીએ ૧૧ નો ઘટાડો થયો છે. જેમાં કુલ ૧૭ શાળાનો સમાવેશ થાય છે.

## જિલ્લામાં સી-વન ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી ૪૧૩૯

ધો -૧૦ માં ૮૧ થી ૯૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા સૌથી વધુ ૫૬ છે. જયારે ૧૦ ટકા કે તેથી નીચુ પરિણામ ધરાવતી ૭ શાળા અને ૧૧ થી ૨૦ ટકા પરિણામ અન્વયે ૬ તેમજ ૨૧ થી ૩૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓમાં ૮ ઉપરાંત ૩૧ થી ૪૦ ટકા પરિણામમાં ૨૭ તેમજ ૪૧ થી ૫૦ ટકા પરિણામ મુજબ ૩૩ અને ૫૧ થી ૬૦ ટકા પરિણામમાં ૪૦ શાળાઓનો સમાવેશ થાય છે જયારે ૬૧ થી ૭૦ ટકા પરિણામ મુજબ ૫૨ અને ૭૧ થી ૮૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા પણ ૫૨ છે. ૮૧ થી ૯૦ ટકા માં ૫૬, ૯૧ થી ૯૯ વચ્ચેની પરિણામની ટકાવારીમાં ૩૮ અને ૧૦૦ ટકા પરિણામ મેળવનારી શાળા ૧૨ છે.

## ગાંધીનગરના એ-વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ

| | |
|---|---|
| સાંઈકુમાર ડી ચૌધરી | મિત્રા જિતેન્દ્રભાઈ પ્રજાપતિ |
| માહવીર એ ચૌહાણ | નાવિન સુખરામ ચૌધરી |
| મોહમ્મદ હુસેન ચૌહાણ | જીલ વ્યોમેશકુમાર પટેલ |
| જવલ એ પટેલ | શિવાની જ્ઞાનકમલ ચૌધરી |
| પિયુષ એસ ઠાકોર | લકી મેહુલકુમાર પટેલ |
| કૃષિતાબા અજયસિંહ નકુમ | જિનલ પંડયા |
| હનિ મહેન્દ્રભાઈ પટેલ | રૂદ્ર ભટ્ટ |
| યેશા વિપુલભાઈ મકવાણા | ઝહીદા શેખ |
| સુષ્ટિ રાજેશભાઈ પ્રજાપતિ | જૈનિલ પંચાલ |
| શિવાંગી સચિનભાઈ શાહ | મોક્ષ શાહ |
| ગ્રિષ્મા જયેશકુમાર પંચાલ | પ્રિન્સ પટેલ |
| હર્ષિકા રાજુભાઈ કુશવાહ | પ્રાંજલ પટેલ |
| મીતપુરી જયેશપુરી ગોસ્વામી | પ્રિન્સ આર પટેલ |
| ઓમપ્રકાશકુમાર પટેલ | દર્શિલ ઠાકોર |
| રીતુ વિનોદકુમાર ચોવીસા | કૌશલ પટેલ |
| ધીરજકુમાર શિવાભાઈ રાઠી | માનીત મહેતા |
| મંથન રવિન્દ્રકુમાર પટેલ | રાજવીબા જાડેજા |
| સોમ્ય કમલેશ મુંગાડ | દુર્વા ત્રિવેદી |
| લવ પિનાકીન પટેલ | નૌશિન નાગોરી |

## તેજસ્વી પરિણામ માટે અસરકારક ટિચીંગ મેથડ અને રિવીઝન અનિવાર્ય : કિશોર ઈન્સ્ટીટ્યુટના ટોપર્સ

**કિશોરસિંહ રાજપુતનો પુત્ર યુવરાજસિંહ પણ પિતાની જેમ આદર્શ શિક્ષક બનવા માંગે છે : કિશોર ઇન્સ્ટીટયુટના કિશોરસરે વિદ્યાર્થિનીને દત્તક લીધી ડોકટર બનવા સુધીનો ખર્ચ ઉઠાવ્યો : તનુશ્રી અમીનને સંસ્થાએ દત્તક લીધી તેણીના પિતા બે વર્ષથી બિમારીના બિછાને : ધો -૧૦ માં એ વન ગ્રેડ મેળવ્યો : કિશોરસરે હીંમત આપી અને તેમના માર્ગદર્શનથી સારુ પરિણામ મળ્યુ : તનુશ્રી**

ગાંધીનગર તા ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૩ માં લેવાયેલી ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ જયારે આ પરીક્ષામાં જિલ્લામાંથી કુલ ૧૮૧ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જેમાં શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યુ છે. જયારે નગરની જાણીતી સંસ્થા કીશોર ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ પણ બોર્ડ પરીક્ષાના પરિણામમાં ઝળકયા છે. સંસ્થાના ૧૫ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. કિશોર ઈન્સ્ટીટ્યુટના ટોપર્સના જણાંવ્યા મુજબ કિશોરસરની ભણાવાની મેથડ જ એવી છે કે વિદ્યાર્થીઓને અભ્યાસમાં રૂચિ કેળવાય છે. ગમ્મત સાથે જ્ઞાનની જેમ ગણિત જેવા અઘરા વિષયને પણ સરળ બનાવી દે છે. જિલ્લામાં એ વન ગ્રેડમાં સ્થાન મેળવનાર સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયની દિપા મિતેશ પટેલના જણાંવ્યા તલોદથી કિશોર ઈન્સિટીટ્યુટમાં શિક્ષણ મેળવવા માટે ગાંધીનગર આવ્યા છીએ જયારે તેણીના પિતા મિતેશભાઈ પણ તલોદમાં ટીચર છે. માતા વર્ષાબેન બેંકમાં નોકરી કરે છે. તેણીએ ૯૩.૬૮ ટકા ગુણ મેળવ્યા છે આગળ બી ગૃપમાં અભ્યાસ કરીને ડોકટર બનવાની ખેવના પણ વ્યકત કરી હતી. જયારે અન્ય એક વિદ્યાર્થિની તનુક્ષી અમીનને કિશોર ઈન્સ્ટીટ્યુટે દત્તક લીધી છે. તેનો મોટોભાઈ હાલ એમ બી બી એસમાં અભ્યાસ કરે છે. તનુક્ષીએ પણ ડોકટર બનવુ છે. તેણીના પિતા બિમારીના લીધે બે વર્ષથી પથારીવશ છે. જયારે આર્થિક ભીંસ વચ્ચે અભ્યાસ કરવાનુ મુશ્કેલ હતુ ત્યારે કિશોર ઈન્સ્ટીટ્યુટે આ વિદ્યાર્થીનો સઘળો ખર્ચ ઉઠાવી તેણીના ડોકટર બનવાના સ્વપ્નને સાકાર કરવાનો સંકલ્પ લીધો છે. ધો -૮ થી તનુશ્રીને સંસ્થા દ્વારા વિના મુલ્યે શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. તનુક્ષીના માતા નયનાબેન ઉદ્યોગભવનમાં નોકરી કરે છે. તનુક્ષી જણાંવે છે કે કિશોરસરે હીંમત આપી અને શિક્ષણ પણ મફત આપે છે જેના લીધે હુ ચોક્કસ તેમને ડોકટર બનીને બતાવીશ. સ્કુલ ઓફ અચિવરનો સુક્રીત રાવ જણાવે છે કે




● અનુસંધાન પાન-૭ પર

## એ વન ગ્રેડ હાંસલ કરનાર હર્ષિકાના પિતા પરોઠાની લારીના આધારે ઘરનુ ગુજરાન ચલાવે છે

ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ છે. જેમાં સે-૨૩ સ્થિત આર જી કન્યા વિદ્યાલયની હર્ષિકા રાજુભાઈ કુશવાહે પણ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. હર્ષિકાના પિતા રાજુભાઈ સચિવાલયમાં પરોઠાની લારીના આધારે પરિવારનુ ગુજરાન કરે છે. હર્ષિકાએ ગણિતમાં ૧૦૦ માં થી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે વિજ્ઞાનમાં પણ ૯૭ ગુણ મેળવ્યા છે. તેણીએ રોજનુ ૭ થી ૮ કલાકનુ વાંચન કરી શાળાના અભ્યાસ કાર્યમાં નિયમિત હાજરી આપી હતી હર્ષિકાએ શાળાના શિક્ષકોની માર્ગદર્શન હેઠળ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ હોવાનો સંતોષ પણ વ્યકત કર્યો છે. હર્ષિકાએ અગાઉ વકતૃત્વ સ્પર્ધામાં પણ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.




## વેદ ઈન્ટરનેશનલ સ્કુલની વિદ્યાર્થિની લક્કી પટેલે ગાયનેક ડોકટર બનવુ છે

સરગાસણ વેદ ઈન્ટરનેશન સ્કુલની વિદ્યાર્થીની લક્કી મેહુલકુમાર પટેલે બી ગૃપમાં આગળ અભ્યાસ કરવો છે. પરિણામ માટે સતત મેહનત કરી છે. તેણીએ ૫૫૩ ગુણ મેળવ્યા છે. ગણિત વિષયમાં ૯૭, વિજ્ઞાનમાં પણ ૯૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. તેણીએ ગાયનેક ડોકટર બનવુ છે. શાળાના શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનના લીધે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત થયુ હોવાનુ પણ તેણીએ જણાંવ્યુ હતુ.



## જાનવીને જીવન ચરિત્રના પુસ્તકોનુ વાંચન વધુ પસંદ છે

ધો -૧૦ માં જાનવી પંચાલે પણ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ છે. પિતા ખુશાલભાઈ એન્જિનિયર છે જયાર માતા જયાબેન હાઉસ વાઈફ છે. જાનવીને આગળ બી ગ્રુપમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. અભ્યાસ કાળ દરમિયાન સોશિયલ મીડીયાનો ઉપયોગ સદંતર બંધ કરી દીધો હતો જયારે કિશોર ઈન્સ્ટીટ્યુટના સતત માર્ગદર્શન અને અડધીરાત્રે પણ ડીફીકલ્ટીઝ સોલ્વ કરાવાની ઉત્સુકતાના લીધે ધાર્યા મુજબ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. અભ્યાસ સિવાય જાનવીને સ્વામી વિવેકાનંદ, ગાંધીજી જેવા વિરલ વ્યકિતઓના જીવન ચરિત્રના પુસ્તકોનુ વાંચન કરવુ ખુબ જ ગમે છે.



## મનપાની દબાણ નીતિ અંગે કોંગી કાઉન્સીલર બારોટ ધુઆપુઆ થયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપાની દબાણ અંગેની બેવડી નીતિને લઈ કોંગી કાઉન્સીલર અંકિત બારોટે આજે તંત્ર સામે આ અંગે ગંભીર આક્ષેપો કરી વ્હાલા-દવલાની નીતિ છોડવા માંગ કરી છે.

તેમણે આજે કમિશનરને પાઠવેલા પત્રમાં મનપા દ્વારા હાથ ધરાયેલી દબાણ ઝુંબેશને લઈ પણ પ્રશ્નો ઉભા કર્યા છે. તેમણે ગેરકાયદે દબાણની વ્યાખ્યા પણ સ્પષ્ટ કરવા આ પત્રમાં માંગણી કરી છે. બારોટે માત્ર ગરીબો અને શ્રમજીવીઓ તેમજ લારી-ગલ્લાના દબાણો હટાવી તંત્ર શુ સાબિત કરવા માગે છે તે સમજાતુ નથી. તેમણે ખાનગી પ્લોટોમાં થયેલા દબાણો, ગેરકાયદે કબ્જો જમાવનારાઓ સામે તંત્ર ક્યારે પગલાં લેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com